1. ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી ડેરી સહકાર યોજના કેન્દ્ર સરકારની કઈ એજન્સી દ્વારા ચલાવવામાં આવે છે ?

2. પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજનામાં કઈ સ્કીમ સમાવિષ્ટ છે ?

3. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)માં વૈજ્ઞાનિક સિદ્ધિઓની દેખરેખ અને મૂલ્યાંકન કરવા માટે વિકસિત અને અમલમાં મુકાયેલી મહત્વની સિસ્ટમ કઈ છે ?

4. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 હેઠળ ઇન્સ્ટિટ્યુશન્સ ઑફ એમિનન્સ (IOEs) યોજના હેઠળ પસંદ કરાયેલ સરકારી સંસ્થાઓને કેટલું વધારાનું ભંડોળ પૂરું પાડવામાં આવશે ?

5. STEMM વિસ્તારમાં લિંગ ઉન્નતિ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (GOI) દ્વારા કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?

6. ડિજિટલ ગુજરાત સ્કોલરશિપ હેઠળ કઈ યોજનામાં મેડિકલ, એન્જિનિયરિંગના કોર્સના NTDNT(વિચાર વિમુક્ત જાતિ)ના વિદ્યાર્થીઓ 'ભોજન બિલ સહાય' મેળવવા માટે અરજી કરી શકે છે ?

7. કયા ગુજરાતી ગણિતજ્ઞએ આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંત પર સંશોધન કર્યું છે ?

8. ગુજરાત સોલર પાવર પોલિસી હેઠળ સ્થાપિત સોલર પ્રોજેક્ટ્સના લાભો કેટલા વર્ષના પ્રોજેક્ટ સમયગાળા માટે મેળવી શકાશે ?

9. ૨૦૨૨ સુધીમાં 'નેશનલ ઓફ શોર વિન્ડ એનર્જી' પોલિસી હેઠળ ઓફશોર વિન્ડ ઇન્સ્ટોલેશન્સનું શું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે ?

10. ગુજરાતનું સૌથી મોટો પાવર પ્લાન્ટ કયો છે ?

11. શરૂઆતમાં કોલકાતામાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની કેન્દ્રીય કચેરીની સ્થાપના કરવામાં આવી હતી, પરંતુ તેને કાયમી ધોરણે ક્યાં ખસેડવામાં આવી હતી ?

12. નલ સે જલ મિશન અન્વયે દરેક ઘરને કયા વર્ષ સુધીમાં નળ થી જળ આપવાનો નિર્ણય થયો છે ?

13. શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે કયા સમયગાળા દરમિયાન સેવા આપી હતી ?

14. ગુજરાત રાજ્યમાં, તા: 31-12-2021ની સ્થિતિએ બે બેટરીબોટો ધરાવતા માછીમારોને ઇન્વર્ટર ખરીદવા માટે કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે ?

15. ભવનાથ મહાદેવનો મેળો ગુજરાતમાં કેટલાં દિવસ માટે ઉજવવામાં આવે છે ?

16. હાલનું વડનગર પ્રાચીનકાળમાં કયા નામે ઓળખાતું હતું ?

17. અકબરના કયા મંત્રીએ ગુજરાતની મુલાકાત લીધી હતી ?

18. વર્ષ ૨૦૦૦માં સ્થપાયેલી 'કર્ણાવતી અતીતની ઝાંખી' કયાં આવેલી છે ?

19. ઝવેરચંદ મેઘાણીના લોકગીતોને સ્વરબદ્ધ કરનાર ગાયક કોણ હતા ?

20. સંસ્કૃતમાં સૌપ્રથમ વ્યાકરણનો ગ્રંથ રચનાર વ્યાકરણશાસ્ત્રી કોણ હતા ?

21. ભારતમાં કઈ પ્રજા માટે નિષાદ શબ્દ પ્રયોજવામાં આવતો હતો ?

22. કયા આંદોલનને ગાંધીજીએ 'હિમાલય જેવડી ભૂલ' ગણાવી હતી ?

23. આઝાદીરચતા ઇન્ડિકા (લીમડો) છોડ કયા નક્ષત્ર સાથે સંબંધિત છે ?

24. ગુજરાતમાં નોંધાયેલ પ્રાણીઓની જૈવિક વિવિધતામાં કેટલા પ્રકારના Echiura જોવા મળે છે ?

25. ગુજરાતમાં આવેલ વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

26. ગુજરાતમાં સૌથી વધુ નદીઓ કયા જિલ્લામાં આવેલી છે ?

27. નીચેનામાંથી કોનો સમાવેશ અરવલ્લી પર્વતમાળામાં થતો નથી ?

28. ભારત સરકાર દ્વારા જનજાતિ ગૌરવ દિવસ ક્યારે ઉજવાય છે ?

29. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ઉદઘાટન કયા દિવસે થયું હતું ?

30. ગુજરાત સરકાર દ્વારા વન વિસ્તાર વધારવા માટે કઈ યોજના શરૂ કરી છે ?

31. માણસના વાળ અને નખમાં કયું પ્રોટીન હોય છે ?

32. નીચેનામાંથી કયું સ્પેસ ટેલિસ્કોપ છે ?

33. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ પ્રથમ રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ક્યા વર્ષમાં તૈયાર કર્યો હતો ?

34. વિશ્વનો સૌથી ઊંચો સડકમાર્ગ કયો છે ?

35. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીને કયા દિવસ તરીકે ઓળખવવામાં આવે છે ?

36. 'લક્ષ્ય યોજના' કયા વર્ષે શરૂ કરવામાં આવી હતી ?

37. 'મુસ્કાન યોજના' કયા વય જૂથના બાળકો માટે છે ?

38. જન્મ અને મૃત્યુ નોંધણી માટે નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા ગુજરાતના આરોગ્ય અને કલ્યાણ વિભાગે કઈ એપ્લિકેશન વિકસાવી છે ?

39. 'જનની સુરક્ષા યોજના'નો લાભ કોને મળે છે ?

40. આંતરરાષ્ટ્રીય સહયોગ (આઈસી) યોજનાનો પેટા ઘટક કયું છે ?

41. ઉચ્ચ ગુણવત્તાની હેન્ડલૂમ પ્રોડક્ટ્સના બ્રાન્ડિંગ માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કઈ બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે ?

42. ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ મધમાખી ઉછેરની પ્રવૃત્તિનો ઉદ્દેશ શો છે ?

43. ઇન્ફોર્મેશન, એજ્યુકેશન અને કમ્યુનિકેશન (IEC) યોજનાનો ઉદ્દેશ શો છે ?

44. કર્ણાટક રાજ્યમાં સ્થિત બાબા બુદાનની ટેકરીઓ કયા ખનિજના ખોદકામ માટે પ્રખ્યાત છે ?

45. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આપવામાં આવતા રાજ્ય શ્રમવીર પારિતોષિક અંતર્ગત કેટલી રોકડ રકમ આપવામાં આવે છે ?

46. ગુજરાત સરકારની મુખ્યમંત્રી એપ્રેન્ટિનસ્યોજના અંતર્ગત ડિગ્રી ધારક અથવા ઉચ્ચ સ્નાતક લાયકાત ધરાવતા લાભાર્થીને કેટલા રુપિયાનું માસિક સ્ટાઈપેંડ આપવામાં આવે છે ?

47. ભારત સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ જન શિક્ષણ સંસ્થાન (JSS)નો હેતુ શું છે ?

48. ભારત સરકારના 'પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર (પી.એમ.કે.કે)'ની રચના કયા મિશન હેઠળ કરવામાં આવી હતી ?

49. કેન્દ્ર સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત માત્ર કયા ગૃહમાં રજૂ કરી શકાય છે ?

50. સુપ્રીમ કોર્ટમાં મૂળ અધિકારક્ષેત્ર કયો છે ?

51. ભારતના બંધારણમાં કેટલા પ્રકારની કટોકટીની જોગવાઈ છે ?

52. મૂળભૂત અધિકાર ભારતના બંધારણના કયા ભાગમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે ?

53. કઈ સંસ્થા ભ્રષ્ટાચાર રોકવા માટેની એક વૈધાનિક સંસ્થા છે ?

54. કઈ યોજના હેઠળ સામાન્ય વીમા યોજનાઓ પર સેવા કરમાંથી મુક્તિ આપવામાં આવશે ?

55. નીચેનામાંથી કઈ સેવાને GST બિલ હેઠળ મુક્તિ આપવામાં આવી છે ?

56. ભારતના ચાર રાજ્યોમાં સિંચાઈ અને વીજળીની સુવિધા માટે 2017માં સરદાર સરોવર ડેમનું ઉદ્ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?

57. ગુજરાત રાજ્ય સરકાર 'સ્વજલધારા કાર્યક્રમ' હેઠળ કેટલા ટકા ખર્ચ ઉઠાવે છે ?

58. 'ડિજિટલ ઈન્ડિયા' અંતર્ગત દેશનું પ્રથમ ડિજિટલ શહેર કયું બન્યુ છે ?

59. 'NUHHP' નું પૂરું નામ શું છે ?

60. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ, બાંધવામાં આવેલ આવાસ એકમ કોના નામે હોવું જોઈએ ?

61. 20 લાખથી ઓછી વસ્તી હોય ત્યાં તાલુકા પંચાયતોની રચના કેવા પ્રકારની હોય છે ?

62. કાયદાકીય જોગવાઈ મુજબ બે ગ્રામસભા વચ્ચેનો ગાળો કેટલાં માસથી ઓછો હોવો જોઈએ નહીં ?

63. નાગેશ્વર જ્યોતિર્લિંગ કયા જિલ્લામાં આવેલું છે ?

64. જામનગર પાસે ક્યા ટાપુનો સમુહ છે ?

65. ભારતીય રેલ્વે માટે ટિકિટિંગ, કેટરિંગ અને પ્રવાસન સેવાઓ પૂરી પાડતી કઈ ભારતીય જાહેર ક્ષેત્રની સંસ્થા છે ?

66. વર્ષ 2020માં ક્યા રાજ્યમાં ભારતના સૌથી લાંબા સિંગલ લેન મોટરેબલ સસ્પેંશન બ્રિજ (ડોબર-ચાંદી બ્રિજ)નું ઉદઘાટન થયેલું ?

67. 'PM ગતિ શક્તિ'માં કેટલા મંત્રાલયો સામેલ છે ?

68. નેશનલ એક્સપ્રેસ હાઈવે-2 (NE2) ક્યાં આવેલો છે ?

69. અમદાવાદમાં સૌથી લાંબો એલિવેટેડ કૉરિડૉર ક્યાં આવેલો છે ?

70. સમાજકલ્યાણના સંદર્ભમાં SJE વિભાગનું પૂરું નામ શું છે ?

71. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા SC વિદ્યાર્થીઓમાં નવીનતા અને સાહસને પ્રોત્સાહન આપવા માટે વેન્ચર કેપિટલ ફંડ હેઠળ 'આંબેડકર સોશિયલ ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન મિશન'(ASIIM) ક્યારે શરૂ કર્યું ?

72. મિશન સાગર યોજનાના મિશન-1 હેઠળ ભારત તરફથી કોવિડ રાહત સહાય મેળવનારા કયા રાષ્ટ્રો હતા ?

73. ભારતના સૌપ્રથમ વાઈસરોય(હિંદી વજીર) કોણ હતા ?

74. પ્રિમિટિવ ટ્રાયબલ ગ્રુપ-પીટીજી ધો.9 થી 10ના વિદ્યાર્થીઓ માટે મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ કેટલી છે ?

75. ગુજરાતમાં લઘુમતી માટે ઉચ્ચતર માધ્યમિક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ કયા વિદ્યાર્થીઓ મેળવી શકે છે ?

76. ફેલોશિપ સ્કીમનો લાભ લેવા વિદ્યાર્થીની કૌટુંબિક આવક વધુમાં વધુ કેટલી હોવી જોઈએ ?

77. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2022માં દાહોદના કયા સ્થળેથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું ?

78. અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મેડિકલ અને ઇજનેરી પ્રવેશ પરીક્ષા માટેની ખાસ કોચિંગ યોજના દ્વારા રાજ્યના કેટલાં આદિવાસી જિલ્લાઓમાં NEET, GUJCAT અને JEEના વિનામૂલ્યે કોચિંગ ક્લાસ ચલાવવામાં આવે છે ?

79. 'સબલા યોજના'માં મહિલાઓના કયા વય જૂથને આવરી લેવામાં આવે છે ?

80. 'જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ' અંતર્ગત કયા લાભો મળે છે ?

81. કેન્દ્ર સરકારની 'સુકન્યા સમૃદ્ધિ યોજના'નો મુખ્ય ઉદ્દેશ શો છે ?

82. ગુજરાતમાં બિનપિયત ઘઉંની ખેતીથી જાણીતો બનેલો સમભૌગોલિક સંજોગ ધરાવતો કુદરતી પ્રદેશ કયો છે ?

83. કયા શહેરને ભારતની આઈસ્ક્રીમ રાજધાની તરીકે ઓળખવામાં આવે છે ?

84. ભારતમાં આધુનિક ટપાલ પધ્ધતિની શરૂઆત કોના સમયમાં થઈ હતી ?

85. ગાંધીજીને કયા દેશમાં રંગભેદની નીતિનો અનુભવ થયો હતો ?

86. નીચેનામાંથી ભારતની સૌથી લાંબી દ્વીપકલ્પ નદી કઈ છે ?

87. નીચેનામાંથી કયો પ્રદેશ વિંધ્ય રેન્જની ઉત્તરે આવેલા જ્વાળામુખીના અપલેન્ડને સૂચવે છે ?

88. SAIનું પૂરું નામ શું છે ?

89. કયો દેશ પ્રથમ FIFA વર્લ્ડ કપ જીત્યો હતો ?

90. 'ઉણપ રોગ' શબ્દની વ્યાખ્યા કરો

91. માનવ શરીરમાં સામાન્ય ધબકારાનો દર કેટલો હોવો જોઈએ ?

92. રાષ્ટ્ર ધ્વજમાં લીલો રંગ શાનું પ્રતીક છે ?

93. ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં રાષ્ટ્રપતિના હોદ્દાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

94. હટ્ટી સોનાની ખાણ ભારતના કયા રાજ્યમાં સ્થિત છે ?

95. નીચેનામાંથી ઝારખંડમાં કોલસાની ખાણો ક્યાં સ્થિત છે ?

96. કઈ પ્રક્રિયામાં ઓક્સિજન દૂર કરવામાં આવે છે ?

97. સાઇટ્રસ(ખાટાં) ફળોમાં કયું વિટામિન ભરપૂર માત્રામાં હોય છે ?

98. સત્યજિત રેને કયા વર્ષે ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

99. નીચેનામાંથી કોને વર્ષ 2020માં ભારત સરકાર દ્વારા જાહેર બાબતોના ક્ષેત્રમાં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા ?

100. રાષ્ટ્રીય અગ્નિશમન દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

101. 'વિશ્વ વિરાસત દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

102. મુસાફરોને તેમનો ખોવાયેલો સામાન પરત મેળવવાનું સરળ બનાવવા ભારતીય રેલવે દ્વારા કયું મિશન શરૂ કરવામાં આવ્યું છે ?

103. ભારતનું કયું શહેર પિંક સિટી તરીકે ઓળખાય છે ?

104. ગુજરાતી સાહિત્યમાં 'ડોલન શૈલી'ના કવિ કોને કહેવામાં આવે છે ?

105. 'ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર'- ભાષાની આ પ્રસિદ્ધ પંક્તિ કોની છે ?

106. નીચેનામાંથી કયો ખંડ વિશ્વનો સૌથી મોટો ખંડ છે ?

107. બ્રહ્મોસ કયા પ્રકારની મિસાઈલ છે ?

108. સીબીઆઈપીનું કયું આંતરરાષ્ટ્રીય જર્નલ પાવર, રિન્યુએબલ એનર્જી અને વોટર રિસોર્સિસ ક્ષેત્રો પર માહિતી પ્રદાન કરે છે ?

109. જેસલ તોરલની સમાધિ કયા શહેરમાં આવેલી છે ?

110. મહાયાન બૌદ્ધ ધર્મના સંદર્ભમાં ભાવિ બુદ્ધ કોણ છે ?

111. રામાયણની રચના કરીને 'આદિકવિ'નું બિરૂદ પ્રાપ્ત કરનાર કવિ કોણ છે ?

112. પુષ્કર ઊંટ મેળાનું આયોજન કયું રાજ્ય કરે છે ?

113. મહાકાલેશ્વરનું પ્રખ્યાત મંદિર કયા શહેરમાં આવેલુ છે ?

114. ભારતના કયા રાજ્યમાં બૈદ્યનાથ જ્યોતિર્લિંગ મંદિર આવેલું છે ?

115. ભારતમાં પ્રખ્યાત 'પદ્મનાભસ્વામી મંદિર' ક્યાં આવેલું છે ?

116. ડેનમાર્કનું ચલણ કયું છે ?

117. માનવશરીરની ત્વચા, જ્યારે વધુ પડતા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે છે, ત્યારે ત્વચાના રંગદ્રવ્યોને કારણે કાળી થઈ જાય છે. તે ચામડીના રંગદ્રવ્યોનું નામ શું છે ?

118. નીચેનામાંથી કયો ઓપરેશનના આધારે કમ્પ્યુટરનો પ્રકાર નથી ?

119. ગૂગલ ક્રોમ શું છે ?

120. 18મી સદીની શરૂઆતમાં બાંધવામાં આવેલ જંતર-મંતર શું છે ?

121. જૈન સ્થાપત્ય 'હઠિસિંહના દેરાં'નું બાંધકામ કોણે કરાવ્યું હતું ?

122. મધમાં મુખ્ય ઘટક કયું છે ?

123. કઈ કંપનીએ જુલાઈ 2022માં સ્ટાર્ટઅપ સ્કૂલ ઈન્ડિયા(SSI) લોન્ચ કરી ?

124. 'उत्तिष्ठ जाग्रत प्राप्य वरान्निबोधत्' ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો-સ્વામી વિવેકાનંદ દ્વારા અપાયેલ આ ઉપદેશ વાક્ય કયા ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે ?

125. ભારતનું સૌપ્રથમ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન ક્યાં સ્થાપવામાં આવેલ છે ?